

નિર્મળ ચારિત્ર એ ગુલાબનું અત્તર છે. એ
એ તમારી પાસે હશે તો એ જેમ તમને આનંદ
આપશે, તેમ તમારી નિકટમાં વસતા માનવોને પણ
સુવાસ આપશે.

– ચિત્રભાનુ

# દિવ્યદીપ

## અભેદ

એ બન્ને જિગરજાન મિત્રો હતા. બન્નેને એક સ્વપ્ન હતું–ચિત્રકાર બનવું; પણ ગરીબી એમનો પીછો નહોતી છોડતી. બન્ને શહેરમાં ગયા. એકે ચિત્રકલાની સાધના આદરી, બીજાએ બન્નેની આજીવિકા માટે શ્રમ આદર્યો. વર્ષો વીત્યાં. એક પહેલી કક્ષાનો ચિત્રકાર બન્યો.

ચિત્રકારે કહ્યું: "મિત્ર! હવે તું ચિત્રકલાની સાધના શરૂ કર. હું આપણા માટે શ્રમ કરી આજીવિકા મેળવીશ."

પણ આ શું? શ્રમ કરવાથી આંગળીઓ એવી કડક થઇ છે કે પીંછીને નાજુક વળાંક આપી શકે તેમ જ નથી. આ જોઈ કલાકારની આંખમાં આંસુ દેખાયાં "મિત્ર! હવે તું ચિત્રકાર કેમ બનીશ?"

"અફસોસ ન કર. હવે હું તારા હાથથી ચિત્ર દોરીશ અને તારી આંખોથી ચિત્રનાં રહસ્ય ઉકેલીશ. આપણે ક્યાં ભિન્ન છીએ. તું મારામાં શ્રમ કર. હું તારામાં કલાની સાધના કરું."

– ચિત્રભાનુ

વર્ષ : ૭
અંક : ૧૧
મે

# ★ માનવતાનું મંદિર ★

બીનની સ્કૂલ વિશે મેં ઘણું સાંભળ્યું હતું. એની શિક્ષણ આપવાની નવી પદ્ધતિનાં વખાણ ઘણી ય વાર મારા વર્તુલમાં થતા. એટલે મેં એક દિવસ નિશ્ચય કર્યો કે હું પોતે જ જાઉં અને જોઉં કે એમાં શું વિશિષ્ટતા છે!

સ્કૂલના આગળના ભાગમાં બગીચો હતો. હું બગીચામાં પેઠો ત્યારે એક દશ વર્ષની બાળા કે જેની આંખે પાટો બાંધ્યો હતો અને જેને સાત વર્ષનો છોકરો દોરી રહ્યો હતો એ મને સામી મળી. બાળાએ છોકરાને પૂછ્યું: "કોનો પગરવ સંભળાય છે?" બાળકે કહ્યું: "શ્વેત વસ્ત્રમાં કોઈક આગંતુક છે."

એ આગળ વધ્યાં અને હું બીનને મળવા ઉપર ગયો. બીને નમણા હાસ્યથી સ્વાગત કર્યું અને મારી પ્રશ્નોત્તરી શરૂ થઈ.

"બીન! એવું તે તમારી શાળામાં શું છે કે જેને તમારા મિત્રો ચાલુ પ્રણાલિકાથી જૂદું કહે છે?" એમણે હસીને કહ્યું: "એવું તે મારામાં શું છે? પરંતુ તમે જ તમારી નરી આંખે જુઓને કે કેવી સાદી અને સીધી મારી પદ્ધતિ છે. હું બાળકોનાં મગજમાં ઠાંસી ઠાંસીને વિચારો નથી ભરતી, પણ બાળકો નાનપણથી જ વિચાર કરતાં કેમ થાય તે રીતે તૈયાર કરું છું." એમ કહી એ મને બગીચા તરફની બારી પાસે લઇ ગયા.

અમે જોયું તો કોઇ બાળકનો હાથ બાંધેલો હતો તો કોઇકનો પગ બાંધેલો હતો; કોઈકની આંખે પાટા હતા તો કોઇક એને દોરી રહ્યું હતું. મેં કહ્યું: "આટલાં અપંગ છોકરાં તમારી શાળામાં?

બીનના મોઢા પર માર્મિક હાસ્ય પ્રસર્યું. "એ અપંગ નથી પણ અપંગોની વ્યથા અને અસહાયતાનું સંવેદન કરે છે. મેં દરેક બાળક માટે એક અંધદિન blind day રાખ્યો છે, dumb and deaf day રાખ્યો છે કે જેથી ઊગતા અને ખીલતા આ કોમળ માનસને અનુભૂતિ થાય કે દુનિયાનાં અંધો અને અપંગોની સ્થિતિ કેવી હોય છે.

"રાતના સૂએ ત્યારે બાળક પોતાની સ્વેચ્છાથી પાટો બંધાવી લે છે. સવારે ઊઠે ત્યારથી જ એને અંધાપાનો ખ્યાલ આવે છે. પ્રશ કરવામાં, સ્નાન કરવામાં, ભોજન લેવામાં અને બગીચામાં ફરવામાં એમ ડગલે ને પગલે નેત્રહીનની વેદના કેવી હોય છે તેની સંવેદના આ કોમળ માનસ ચોવીસ કલાક કરે છે. આથી અપંગો પ્રત્યે એમની સહાનુભૂતિ જીવનભર બની રહે અને અંધોની કદી પણ ઠેકડી કે ઉપેક્ષા કરવાની ક્રૂરતા એમનામાં ન જન્મે." એમ કહીને બીન અંધદિન પાળી રહેલી બાલિકા પાસે મને લઇ ગયા.

મેં પૂછ્યું: "તું પાટામાંથી કયાંય જોવાનો પ્રયત્ન નથી કરતી?" એણે મૃદુ સ્વરમાં ઉત્તર વાળ્યો: "આપ આ શું કહો છો? એમ કરવું તો છેતરપીંડી છે, ચોરી છે. જયારે આજના દિવસનો શિક્ષણ પાઠ એ ઘડતર અને ગૌરવ માટે છે. ચોરી કરું તો એ કેમ મળે?"

પછી મેં પૂછ્યું: "તને ચાલવામાં તકલીફ પડે છે?" એણે કહ્યું: "મને કદી કલ્પના નહોતી કે અંધાપો આવો આકરો હોય છે. ડગલે ને પગલે ક્યાંક અથડાઇ પડીશ એવી ભયની લાગણી રહ્યા કરે છે. મનમાં થાય કે બેસી રહેવું કેવું સલામત છે! આમાંથી મને એક વાત ઊંડાણથી સમજાઇ કે દુનિયામાં ગમે એવાં દુ:ખો હશે તો પણ આ દિવસના દુ:ખની સરખામણીમાં તો એ અડધાંય દુઃખદાયક નહીં હોય, અને આવતી કાલના જીવનમાં આવતા દુ:ખોને હળવાશથી સહન કરવાનો પાઠ મને અત્યારથી જ મળ્યો છે તે કંઇ ઓછો મૂલ્યવાન છે?"

આ સાંભળી મેં બીનને કહ્યું: "આભાર! મારે હવે બીજાઓને કંઇ જ પૂછવું નથી અને જાણવું પણ નથી. બીન! મને ખ્યાલ આવી ગયો કે તમારી શિક્ષણ પદ્ધતિની વિશિષ્ટતા જ એ કે બાળક માનસમાં જ કરુણા અને સહાનુભૂતિનું સર્જન કરવું."

–ચિત્રભાનુ

## મગ્નાષ્ટક (૫)

तेजोलेश्याविवृद्धिर्या साधोः पर्यायवृद्धितः ।
भाषिता भगवत्यादौ, सेत्थंभूतस्य युज्यते ॥

માણસની સૃષ્ટિ બે જાતની છે, શોકમય અને આનંદમય. શોકમય સૃષ્ટિમાં એ જે જે વસ્તુને પામે, જુએ કે મેળવે ત્યારે એ બધામાં શોકનો ઉમેરો જ થાય છે. પણ જ્યારે આનંદમય સૃષ્ટિનું સર્જન થાય છે ત્યારે બધી વસ્તુઓમાં આનંદનો ઉમેરો થાય છે.

જે પાત્રની અંદર વિષનું બિન્દુ પડેલું હોય તેમાં દૂધ રેડતા જાઓ અને એ દૂધ ઝેર બનતું જાય. જેટલો ઉમેરો કરતા જાઓ તેટલું ઝેરવાળું દૂધ વધતું જાય. દૂધ ખરાબ નથી, દૂધ તો મીઠું જ છે પણ પાત્રમાં પહેલાં નાખેલું વિષબિન્દુ અમૃત જેવા સરસ દૂધને વિષવાળું કરતું જાય છે.

પણ એ જ પાત્રની અંદર ગુલાબનો અર્ક essence નાખેલો હોય અને પછી એમાં દૂધ નાખતા જાઓ તો દૂધમાં સુગંધ આવતી જાય, દૂધ શીતપીણું cold drink બની જાય.

જે દૂધમાં બને તે જ આત્મામાં બને છે. આપણા જીવનપાત્રમાં જો શોકનાં વિષબિન્દુ જ પડેલાં હોય તો સારામાં સારાં અમૃત જેવાં વચનોને પણ વિષવાળાં બનાવી દઈએ.

ઘરમાં લગ્ન લેવાયાં હોય, જાન આવવાની હોય, બહાર શહનાઈ વાગતી હોય ત્યારે એવી બાઈઓ પણ છે જે મરી ગયેલી દીકરીને યાદ કરે–કે આજે એ દીકરી હોત તો પરણાવવા જેવી થઈ હોત, એને માટે જાન આવત....એમ કરીને રૂએ, છેડો માંડે.

શું આ રોવાનો અવસર છે ? જો રોવાનો અવસર હોત તો ઘરમાં આ શહનાઈ શેની વાગે? ના, જેના અંતરમાં શોકનું વિષ પડયું છે એ ગમે ત્યાં જાય, પછી બહાર શહનાઈઓ વાગતી હોય, વાજાં વાગતાં હોય કે આનંદ અને ઉત્સાહની મહેફિલ ઊડતી હોય પણ એ તો બેઠા બેઠા રોયા જ કરે. બધા આવીને પૂછે: ‘તમે કેમ રડો છો ?’ ‘મને બધું યાદ આવે છે’ ‘અત્યારે તો એ શોકમય પ્રસંગને ય બાર મહિના થઈ ગયા ’

પણ યાદ આવી જાય. આ પ્રકૃતિ છે, સ્વભાવ છે. એ જલદી બદલી શકે નહિ.

તમે શહનાઈ વગાડો, વાજાં વગડાવો કે દુનિયાનું ઊંચામાં ઊંચું સંગીત રાખો પણ એના મનમાં જે શોક પડેલો છે એના ઉપર બહારની વસ્તુ કેમ અસર કરે ?

આર્તધ્યાન જેનામાં પડેલું છે એવા આત્માઓ જ્યાં જાય ત્યાં આર્તધ્યાનની હવા લેતા જાય. ભગવાન પાસે જાય તો ત્યાં પણ આર્તધ્યાન ઠાલવતા જાય. પ્રતિક્રમણ કરવા જાય અને કોઈની સાથે વાત કરવા બેસે તો ત્યાં પણ દુઃખનાં રોદણાં. દુઃખની વૃદ્ધિ જ કરતાં જાય.

આત્મામાં પૂર્ણ સુખની વૃદ્ધિ કરવા માટે કહ્યું કે આત્મામાં રહેલું તેજ છે, પ્રકાશ છે, તેજોલેશ્યા છે એની વૃદ્ધિ થવી જોઈએ.

સામાન્ય રીતે તેજોલેશ્યાની વૃદ્ધિ, સમતાનું સુખ માણવાની સગવડ સાધુઓને વધારેમાં વધારે આપવામાં આવી છે. માટે સાધુતાનો પર્યાય જેમ જેમ વધતો જાય તેમ તેમ અંદરની તેજોલેશ્યા વધવી જોઈએ.

ભૌતિક સગવડો સાધુઓને નથી આપી પણ આધ્યાત્મિક સગવડો સાધુઓને આપી છે. જે સગવડો દુનિયામાં નથી એ બધી જ સગવડો સાધુને મળે છે.

તમને મોટર મળે, ટેલિફોન મળે, એરકન્ડિશન મશીન મળે, રહેવા માટે આલીશાન ફ્લેટ મળે પછી એનાથી વધારે સગવડ શું હોઈ

શકે? પણ સાચા સાધુઓને તો તેજોલેશ્યાની વૃદ્ધિ થાય એવી સગવડ આપવામાં આવી છે. તેજને હરે, આવરે કે ઢાંકે એવા પદાર્થો એની પાસે નથી પણ એના તેજને વધારેમાં વધારે પામવા માટે અનુકૂળતા ઊભી કરે એવા પ્રકારની આધ્યાત્મિક સગવડો આપવામાં આવી છે. આ કઇ છે?

વાચન હોય, સ્વાધ્યાય હોય, પ્રભુનું દર્શન હોય, ધ્યાન હોય, ભક્તિ હોય, નામસ્મરણ હોય, પ્રવચનો અપાતાં હોય-તેજોલેશ્યા વધારવા માટે આટલાં બધાં નિમિત્તો છે. જેમ જેમ નિમિત્તો મળતા જાય તેમ તેમ આંતરિક તેજોલેશ્યા–ચિત્તશુદ્ધિ વૃદ્ધિ પામતી જાય.

આવાં નિમિત્તો મળતાં કોની તેજોલેશ્યા વધે? જે માત્ર સાક્ષી ભાવથી જીવતો હોય તેની. સાક્ષીપણાની ભાવનાથી આ તેજોમય ભાવ વધે છે. પણ જો સાક્ષીપણું ન આવે અને સાધુનાં કપડાં પહેરીને માત્ર સાધુ બનીને બેસી ગયો તો બિચારો મરી ગયો. પછી એનામાં અને તમારામાં ફેર માત્ર કપડાંનો જ રહે.

કો'ક શર્ટ પહેરે, કો'ક બુશશર્ટ પહેરે, કો'ક ઝભ્ભો પહેરે, કોઈ સફેદ કપડાં પહેરે, વાત એની એ જ છે. જે સાધુને નામ જોઇએ, તખતી જોઈએ, કંકોત્રી જોઇએ, કામ કરીને પ્રસિદ્ધિ જોઇએ એને આત્માની વાત ક્યાં રહી? એતો દુનિયાની નાની ભૌતિક વાતોમાં જ પડયો છે. આને મનાવવામાં અને પેલાને રાજી કરવામાં, આને ખુશ કરવામાં અને પેલાને ખૂણામાં લઈ જઇને સમજાવવામાં વર્ષો પૂરાં થાય અને એની જિંદગી વીતી જાય.

હા, દુનિયાની વાતોમાં જાણવાનું ઘણું મળે, પણ તેજોલેશ્યાનો પ્રકાશ તો નહિ જ. કેટલું મોટું નુકશાન? કોઇ તમને ચણા આપીને હાથમાંથી વીંટી કાઢી જાય અને કહે કે વીંટી તો નાનકડી છે પણ ચણાથી તો તમારો આખો હાથ ભરાઈ ગયો!

જે દુનિયાની વાતોમાં પડયો એ આત્મિક શાંતિ, સ્વસ્વરૂપ અને ચિત્તનું સુખ ગુમાવી બેઠો છે. જગતના દુ:ખી માણસો જે વસ્તુ માટે પડાપડી કરતા હતા એમાં તું જ પડી ગયો!

માટે જ જ્ઞાનીઓએ કહ્યું છે કે જ્યાં સુધી દશવકાલિકનો પૂરો અભ્યાસ ન થાય ત્યાં સુધી વડી દીક્ષા ન દેવાય. જો કે આજે તો ટોળેટોળાં ચાલ્યા આવે છે. સિંહનાં ટોળાં કોઈએ ભાળ્યાં છે? હા, સરકસમાં પાંચ સાત મળી જાય. ભલે થોડા સાધુઓ મળે પણ quality વાળા મળે. Quality મળે, quantity નહિ. જેના ચિત્તમાં તેજોલેશ્યા વધતી જાય તેવા સાધુની જરૂર છે.

ભગવતી વગેરે સૂત્રોમાં આ વાત કહેવામાં આવી છે. એક અધિકારમાં વર્ણન કરવામાં આવ્યું કે સાધક જ્યારે દીક્ષા લે છે એ વખતે, પહેલે દિવસે એને વિયોગના દુ:ખનો અનુભવ થાછે. મા આવે, બહેન આવે, ભાઇ આવે, રડે, આંસુ પાડે. એમનાં આંસુ જોઈ જોઇને એ પણ દ્રવી જાય.

જે દિવસે ગાંઠ છૂટતી હોય ત્યારે આકરી લાગે પણ ગાંઠ છૂટયા પછીની મજા તો કોઈ ઑર જ હોય છે.

શિયાળાના દિવસોમાં પાણીના કુંડમાં પડતાં પહેલાં બહુ ધ્રુજારી લાગે. કપડાં ઉતારતાં જીવ ન ચાલે પણ એકવાર કપડાં ઉતાર્યાં, ભૂસકો માર્યો પછી એને જૂદી જ મજા આવે છે. પછી જે પાણી એને ગભરાવતું હતું, ધ્રુજાવતું હતું એ જ એનું protection બની જાય છે, એ જ એનો હૂંફ આપતો કોટ coat બની જાય છે. પછી કલાકો સુધી એને બહાર નીકળવાનું મન થતું નથી, થાય કે પાણીમાંથી બહાર નીકળીશ

તો ટાઢ વા'શે. બહાર નીકળીને કપડાં પહેરતાં પહેલાં જે સમય વીતે એ સમય વિચારવા જેવો છે. આ સમયમાં જ જાગૃતિની અનુભૂતિ થાય છે.

સંસારમાં પણ આવું જ બને છે. તમે મોહમાંથી નીકળો નહિ ત્યાં સુધી તમને થાય, જાઉં કે ન જાઉં, છોડું કે ન છોડું, કહું કે ન કહું. પણ એકવાર જો નીકળી ગયા, એકવાર છોડી દીધું, એકવાર મનને કહી દીધું, સમજાવી દીધું પછી મજા જૂદી જ છે.

જે બીડી છોડી શકતા નથી એમને બીડી છોડતી વખતે સો વિચાર આવે. બીડી કેમ છૂટશે? ચ્હા પીનારા ચ્હા વિના બે દિવસ તરફડે પછી એ છોડ્યાનો આનંદ માણે. સવારે વહેલાં ઊઠતાં કંટાળો આવે પણ પછી પ્રભાતની મઝા ઑર આવે. અને જેમણે કુટેવો છોડી એમની તબિયત તો જુઓ! તનમાં સ્ફૂર્તિ, મનમાં પ્રસન્નતા, લોહીમાં તરવરાટ-આ બધુંસહેજે આવે. છોડતી વખતે જીવની ચામડી ઊતરડાતી હોય એવી વેદના લાગે પણ છૂટી ગયા પછી અદ્‌ભુત સુખમાં મુગ્ધ બની જાય છે, મુકત બની જાય છે. રાગ અને મોહનાં બંધનમાં પડેલો સાધુ જે દિવસે છોડે છે ત્યારે એને પણ દુઃખ થાય છે. પણ જેમ જેમ છૂટતો જાય છે, જેમં જેમ નાવડી કિનારો છોડીને મહાસાગરમાં પ્રયાણ કરતી જાય છે તેમ તેમ એના આનન્દની માત્રા વધતી જ જાય છે.

આત્માના સુખની અવસ્થાની કલ્પના બંધનમાં પડેલાને કયાંથી આવે? જે છૂટી ગયા મનથી, તનથી, વૃત્તિઓથી કે વિચારોથી એના સુખનો ખ્યાલ મનની દુનિયામાં મૂંઝાઇને પડેલાને કયાંથી આવે? મનની દુનિયામાંથી મુકત થવું એ જ મોટી વાત છે, જીવનનું ધ્યેય છે.

સાધન વિના નાળિયેર ફોડવું એ કેવું કઠિન કામ છે? તમને કોઈ લીલું નાળિયેર આપે, તમારી પાસે ચાકુ ન હોય અને તમે દાંતથી લીલાં લીલાં છોતરાં તોડવા પ્રયત્ન કરો તો દાંત કેટલા દુઃખવા માંડે? ફૂટયા પછી બધું સહેલું છે. મીઠું પાણી પી શકો અને હાથ નાખીને અંદરથી મીઠું કોપરું કાઢીને પણ ખાઇ શકો. પણ નાળિયેર ફોડવું એ કામ બહુ મુશ્કેલ છે.

એમ ત્યાગને માર્ગે જવું, ઘણા વખતથી પકડી રાખેલી વસ્તુઓની પકડમાંથી મુકત થવું એ કઠિનમાં કઠિન છે.

જેમની પાસે દસ હજાર પણ નહોતા ત્યારે એ ભાઇએ બાધા લીધી હતી કે બે લાખ રૂપિયા થઇ જાય તો ધંધો નહિ કરીએ; બસ, સેવા અને ભગવાનનું નામ લઈશું, તીર્થ જાત્રા અને ભજન કરીશું, પ્રવચન શ્રવણ કરીશું અને પ્રભુમાં ડૂબી જઇશું. કેવી સુંદર ભાવના! પણ એમના બે લાખ ઉપર મીંડાં ચઢતાં ગયાં તેમ ભગવાન અને ભગવાનની વાત તો વિસરાતી જ ગઇ. પૂછો તો ગોટાળા વાળે. પત્નીના નામે ધંધો કરે, છોકરાના નામે કરે, ભાગિયાના નામે કરે, બધું જ Partnershipમાં રાખે અને કહે કે મારા ભાગે તો માંડ બે લાખ રૂપિયા રોકડા આવે છે. દાગીના છે પણ લાખનાં. બાધા લેતી વખતે મેં એવું નહોતું કહ્યું કે દાગીનાં પણ એમાં ગણી લઇશ.

સાચે બિચારો કેટલો દુઃખી છે? બિચારાથી છૂટે જ નહિ. નથી હોતું ત્યારે કહે અને હોય ત્યારે કહેલું ભૂલી જાય. કહેલામાંથી છૂટવાની બારી જ શોધતો હોય.

ઘણાં અહીં આવીને કહે કે જુઓ મને બસો રૂપિયાની નોકરી છે પણ એમાં લાખ બે લાખ થઈ જાય, તો આપણે દાન જ કર્યે જવાના. પણ બે લાખ થાય ત્યારે દાનની વાત વિસરાઈ જાય.

એક હજામે કહ્યું કે હું જો રાજા થાઉં

તો સોનાના અસ્તરાથી જ લોકોની હજામત કરું આ વાત તમે માનો ખરા ?

હા, એની કલ્પના હોય પણ વસ્તુ આવ્યા પછીની પકડ કોઇ જૂદી જ બની જાય. માણસ એવો ને એવો રહેતો નથી. એમાં માણસનો દોષ નથી, સંયોગોને કારણે બિચારો બદલાઇ ગયો છે. એ જે ધારતો હતો, એ જે પહેલાં હતો, એ અત્યારે નથી. એની વૃત્તિઓ બધી વાતાવરણને લીધે બદલાઇ ગઇ છે.

હવે એ શું કરે ? કારણ કે ધને એને જડ બનાવી દીધો છે, ધન પ્રત્યેની આસકિતએ એને વિચાર વગરનો બનાવી દીધો છે. કાંઈ નહોતું ત્યારે એને હતું કે એમાં શું છે, ખાલી કરી નાખીશ પણ કાંઈ થયા પછી જૂદી વસ્તુ આવે છે, જૂદું જ બને છે.

જે કહે કે લાવ, હું ભાંગ પીઉં તેમ છતાં ભાન નહિ ગુમાવું. એણે ભાંગ પીધી જ નથી. પીધી નથી ત્યાં સુધી આપણે એને સાચો માની લઇએ પણ જ્યારે બે–ચાર ગ્લાસ પી જાય અને ગાંડો થઇ નાચવા માંડે ત્યારે તમે નથી કહેતા કે તું તો કહેતો હતો ને કે હું ભાન નહિ ગુમાવું ! હવે એની સાથે વાત કરવી નકામી છે કારણ કે એ જે કહેતો હતો એ હવે છે જ નહિ. એ જૂદો થઇ ગયો છે. જ્યારે ભાંગનો કેફ ઊતરી જાય, ત્યારે કહો: "ભાઇ ! તમે તો આવું બધું બોલતા અને કરતા હતા." "હે ! મને ખબર નહિ કે ભાંગની અસર આવી થાય."

એમ ધન ન હોય અને ધન આવે એ બે વચ્ચેની પરિસ્થિતિ સમજવાની છે. આ જીવને જ્યારે વસ્તુ હોય છે એ વખતની ભૂમિકા અને વસ્તુ નથી હોતી એ વખતથી ભૂમિકા–આ બે ભૂમિકામાં જબરજસ્ત અંતર પડી જાય છે !

આ અંતરને સમજાવવા માટે મહાપુરુષોએ કહ્યું: જેમ જેમ ચંદન ઘસાય અને સુવાસ આપે,જેમ જેમ સુવર્ણ તપે અને કાંચનવર્ણ આપે તેમ તેમ સાધુની સાધુતાનો પર્યાય વધતાં એની તેજોલેશ્યામાં પણ અભિવૃદ્ધિ થાય. દીક્ષાનો પર્યાય વધતો જાય તેમ અંદર જો આત્મજ્ઞાનની વૃદ્ધિ ન થાય તો એમ સમજવાનું કે સાધુતાનો રંગ લાગ્યો નથી.

સાધુતાનો રંગ કેવો ? જેમ જેમ પર્યાય વધતો જાય તેમ તેમ ભૌતિકતાની અસર છૂટતી જાય. એની અંતરની દુનિયા એટલી સમૃદ્ધ થઈ હોય છે કે બહારની દુનિયા એને સામાન્ય લાગે. આવા બે ત્રણ સાધુઓ મળે તો ય માનવ-જાતનું કલ્યાણ થઇ જાય.

પતિપત્ની ચાલ્યાં આવતાં હતાં. પતિ આગળ, પત્ની બે ડગલાં પાછળ. રસ્તામાં કોઇનો સોનાનો હાર પડેલો જોયો. પતિને વિચાર આવ્યો કે કદાચ મારી પત્નીની દૃષ્ટિ આ હાર ઉપર પડશે તો ? એટલે એણે રસ્તામાં પડેલી ધૂળ એના ઉપર નાખી અને ચાલવા માંડયો. પાછળ આવતી પત્નીએ બધું જોયું. આગળ જતાં એણે પતિને પૂછયું: 'તમે શું કરતા હતા ?' કહે 'કંઇ નહિ' બીજું કહે પણ શું ? શું એમ કહે કે તારી વૃત્તિ ચલાયમાન થઇ જાય તો ! એ જરાક અચકાતો હતો. ત્યાં પત્નીએ હસીને કહ્યું: "એમ કહોને કે ધૂળના ઉપર ધૂળ નાખતા હતા!" પતિ સમજી ગયો. 'વાત સાચી છે. હું માનતો હતો કે હું જ્ઞાની છું પણ હવે સમજાયું કે તું જ્ઞાની છે.'

'ધૂળના ઉપર ધૂળ' પતિને મનમાં જે સોનું દેખાતું હતું એ પત્નીને મન તો ધૂળ સમાન હતું. પરધન ધૂળ છે.

આ ધર્મ છે. પારકું ધન એ ધૂળ સમાન છે. એ ગમે તેવું હોય, પણ તમને કોઈએ પ્રેમથી અર્પણ કર્યું નથી. કોઇએ ગુમાવેલું ધન એ પરધન છે. ન એ સુખ આપે,

ન શાંતિ આપે. ન ભોગવવા દે, ન રાખવા દે. એ ગયા વિના રહે જ નહિ. અને એ ખરા અર્થમાં પણ ધૂળ જ છે. સોનું ઉપરથી નથી આવતું, ખાણમાંથી આવે છે. ધૂળ ભેગું જ પડેલું છે.

ત્યારે આજે તો ઊલટું જ જોવા મળે છે. ધનપતિઓનાં સગાંવહાલાં વાટ જોઈને જ બેઠા હોય કે ક્યારે એ મરે અને એનો વારસો અમને મળે. આવી વૃત્તિ શા માટે? કારણ કે આધ્યાત્મિક રસ જાગ્યો નથી. આધ્યાત્મિક રસ જાગે તો કંચન અને ધૂળ વચ્ચેનો ભેદ નીકળી જાય. જ્યાં ભેદનો છેદ થાય ત્યાં જ પરમાત્માનું દર્શન થાય.

'ભેદનો છેદ.' તમે ભગવાન પાસે જાઓ અને માત્ર આંગી જ દેખાય, મુકુટ જ દેખાય, હીરાનો હાર જ દેખાય ત્યાં સુધી તમે હારેલા છો. જ્યારે તમને દેખાય કે નહિ, આ બધું તો નશ્વર છે, એનાથી પર સૂર્યના તેજથી પણ પરમ તેજવાળા હે પરમાત્મા! તમે સૂર્યથી પણ પેલે પાર બિરાજમાન છો. એવા તેજનો જે દિવસે ચિત્તમાં અનુભવ થાય ત્યારે સમજી લેવાનું કે તેજોલેશ્યામાં હવે વૃદ્ધિ થતી જાય છે. આ તેજોલેશ્યાની અનુભૂતિમાં વૃદ્ધિ થતાં મનમાં જે સુખ ઉત્પન્ન થાય છે એ સુખનું શબ્દોથી વર્ણન કરવા જાઓ તો શબ્દો પણ નાના પડે.

પરમાત્માનું તેજ જોતાં જોતાં અંદર અનુભવ થાય છે ત્યારે એને મૂર્તિ નહિ પણ મૂર્તિની અંદર બિરાજમાન એવો જે આત્મા છે એ દેખાય છે. એ જોવામાં, એ અનુભૂતિમાં કોઈક એવી ઘડી આવે કે સામેની વસ્તુઓ જ નીકળી જાય, અને એ પરમતત્ત્વમાં પહોંચી જાય. એ કેવી રીતે પહોંચી જાય છે એ ખબર નથી પડતી, પણ પહોંચી જાય છે એ ચોક્કસ છે.

તમે મકાનમાં બેઠા હો, ઓરડો બંધ હોય, કોઈ વિચાર પર તમે ઊડો અને કોઈ ઊંચા પર્વત પર કોઈ ગિરિકંદરામાં કે કોઈ સુંદર મનોહર સ્થાનમાં પહોંચી જાઓ છો ને? તમારું મન, તન, એની સાથે કેવું એક બની જાય છે? એ વખતે તમે ભૂલી જાઓ કે હું બ્લોકમાં બેઠો છું, દરવાજા બંધ છે, હું કેવી રીતે બહાર જાઉં? કાંઈ જ નથી, વચ્ચેથી બધું જ ઊડી જાય છે. વિચારોની સૃષ્ટિમાંથી બહાર નીકળી જાય છે.

એવી રીતે તમે મંદિરમાં જાઓ, ભગવાનનાં દર્શન કરતાં કરતાં રૂપમાંથી અરૂપમાં ચાલ્યા જાઓ. એવો એક ઠેકડો મારો કે રૂપમાંથી અરૂપમાં, આકારમાંથી સીધા નિરાકારમાં.

આનંદઘનજીને કોંકે પૂછ્યું તો કહ્યું: "નિશાની કહાં બતાઉં રે, તેરો અગમ, અગોચર, અરૂપ."

એની નિશાની ક્યાં છે? અગમ્ય છે, અગોચર છે, એનું રૂપ કોઈ રીતે રૂપમાં આવી શકે તેમ નથી.

"રૂપી કહું તો કછો નહિ બ્યારે, અરૂપી પર નાહિ."

આગળ વધતાં કહ્યું: જો રૂપી કહું તો એ રૂપી નથી કારણ કે રૂપ તો આપણે બનાવ્યું છે, ભગવાન તો રૂપાતીત છે. જો એમ કહું કે અરૂપી છે તો એ પણ બરાબર નથી કારણ કે energy રૂપે, શકિત રૂપે તો છે જ.

કાંઈક છે અને કાંઈક નથી. કાંઈક છે એનો અનુભવ કરવાનો છે અને કાંઈ નથી એમ કહીને રૂપ અને આકારમાં ન અટકતાં અરૂપમાં જવાનું છે.

પરમાત્માનાં દર્શન કરતાં કરતાં આવી અનુભૂતિ થવી જોઈએ. ઘણીવાર તો માત્ર આકાર જ દેખાય, કારણ કે નિરાકારની અનુભૂતિ કરતાં વચ્ચે બે બારણાં આવે છે. એક છે અર્થ અને

બીજું છે કામ. અર્થ અને કામ-બન્ને એવાં સજ્જડ છે કે દરવાજા ખૂલે જ નહિ. તમે અહીં આવો તો પણ એ જ વિચારણા-કંચન, અને કામ કેવી રીતે પ્રાપ્ત કરવાં.

કેટલાયે મંદિરોમાં તો જે વધારે પૈસા ભેગા કરી જાણે એ ટ્રસ્ટીઓ સારા ગણાય. અને આવા ટ્રસ્ટીઓ પણ છાતી કાઢીને કહેઃ અરે, અહીંના વહીવટમાં પહેલાં દશ હજાર રૂપિયા પણ ન હતા. અમે આવ્યા, હું આવ્યો અને રૂપિયા દસ લાખ જમા કરી નાખ્યા.

તો એને કહેવું કે તમને બેંકમાં મેનેજર તરીકે મૂકવા જોઈએ.

પણ અહીંઆ તો ખરચનારો, વાપરનારો જોઇએ. ટ્રસ્ટીઓએ તો કહેવું જોઈએ કે તમે લાવો, અમે સારા કામમાં વાપરતા જઇએ. મંદિરોમાં પૈસો ભેગો કરવો એના જેવું કજિયાનું કારણ એકે નથી.

સારો ટ્રસ્ટી કોણ? જે કહે કે વહીવટમાં જોઇતા હોય તો ભગવાન છે, બીજું કાંઇ નથી. અમે તો પૈસો વાપરી જાણીએ.

આવા ટ્રસ્ટીઓ ભેગા થાય તો મંદિર સુંદર અને સરસ બને. જેમાં ભવ્ય પ્રેરણાદાયક ચિત્રો હોય, સુંદર પ્રભુની મૂર્તિ હોય, સ્વચ્છ વાતાવરણ હોય અને નિર્મળ ભકિત કરવાના નિમિત્તો હોય, લોકો મંદિરોમાં પૈસા મૂકીને જાય છે એ બેંકમાં જમા કરવા માટે અને હિંસક વ્યવસાયના શેરોમાં invest કરવા માટે નથી મૂકી જતા. એ ધંધા તો એમને ય આવડે છે. અહીં શું કરવા લોકો આપીને જાય છે? વાપરો, અમે વાપરીએ, તમે વાપરો. પણ ભાઇ, અમે વાપરીએ તો તમે શું કરવા સંઘરો છો?

આ આખી એક દૃષ્ટિ છે. જે આત્મા સંગ્રહ કરવાનો વિચાર કરે છે એ સંસારની વિચારણા લઈને આવ્યો હોય છે. એ બિચારો અહીં પણ એમાંથી છૂટી શકતો નથી. એનો લોભ અહીં પણ પડેલો છે.

ભાઈ, તું તારા ઘરમાં બૈરાં, છોકરાં માટે કરતો હોય તો કર પણ ભગવાન કાંઈ તારા પૈસા વિના દુઃખી નથી થવાના. પણ બિચારાને બીક છે કે વહીવટ બરોબર ન થયો તો ભગવાનનું શું થશે? પોતાને પોતાના પેટ માટે અવિશ્વાસ છે. એ અવિશ્વાસ ભગવાન માટે પણ આવી જાય ત્યારે લાગે કે આ ભગવાનની ભકિત નથી કરતા પણ ભકિતના બહાના નીચે પારકા પૈસા પર અધિકાર જમાવી શેઠાઈ કરવા જ ભેગા થયા છે.

આવી વૃતિ ન આવી જાય માટે નક્કી કરવું કે ભગવાની ભકિત કરતાં કરતાં ભાવિક જનો રૂપમાંથી અરૂપમાં કેમ જાય એવું જ વાતાવરણ પૂરું પાડવું, એવી જ સ્થિતિ ઊભી કરવી.

તમને ખબર છે કે વસ્તુપાળ તેજપાળે મંદિર બનાવવાનો વિચાર કર્યો ત્યારે ભગવાનની મૂર્તિ બનાવવા શિલ્પીઓ તેડાવ્યા. શિલ્પીઓએ કહ્યું: સાહેબ! મૂર્તિ અને મંદિર કેટલા સમયમાં માંગો છો? શાંત ચિત્તે વસ્તુપાળે કહ્યું: સમયની મર્યાદા નથી પણ સૌંદર્યની વાત છે, સૌમ્યતાની વાત છે, શાંતિની વાત છે. તમારી મૂર્તિ જોઇને મનમાં સૌમ્યતા ઉત્પન્ન થાય, તમારું સર્જન જોઇને માણસ સ્તબ્ધ બની જાય, અંદર કંઈક સ્પર્શી જાય એવું કાંઈક બનાવો. શિલ્પીઓ ઉત્સાહભેર સર્જન કરવા બેઠા. અનુપમાદેવીએ પૂછયું: તમારા જમવા માટે શું કરીશું? શિલ્પીઓએ કહ્યું: અમે તો મધ્યમવર્ગના માનવી રહ્યા. ગોળ રોટલા, ડુંગળી, અને રીંગણાનું શાક મળશે તો રાંધીને ખાઈ લઈશું. અનુપમાદેવીએ કહ્યું: નહિ! તમારે બીજે નથી જવાનું. અમારા જેવું જ તમારું રસોડું

રહેશે. જે ડુંગળીઓ ખાઇને, રીંગણાં ખાઇને ગંધાતે મોઢે મૂર્તિ બનાવતો હોય એના શ્વાસોચ્છ્વાસમાં પણ શું હોય ? જેવા શ્વાસોચ્છ્વાસ એવી જ એના મનની વિચારણા, એવી જ એના સર્જનની રૂપરેખા. તમારું ભોજન પણ શુદ્ધ હોય, સાત્વિક હોય. એણે શિલ્પીઓ માટે ખાસ રસોડાં બનાવ્યાં. જમ્યા પછી મોઢામાં સુવાસ આવે તે માટે શિલ્પીઓને તાંબુલ અને લવીંગ આપ્યાં. હવે શિલ્પીની સામે પથ્થર નથી દેખાતો પણ ભગવાન દેખાય છે.

વાત પણ સાચી છે. તમે કહેશો કે પથ્થરમાં ભગવાન નથી દેખાતા તો તમને નોટમાં શું દેખાય છે? લક્ષ્મી દેખાય છે ને? સો રૂપિયાની નોટ હોય તો કેવી જાળવીને, જતન કરીને ખિસ્સામાં રાખો છો ? એ વખતે તમને કાગળિયું લાગતું નથી ને ? હજાર રૂપિયાની નોટ હોય તો કાગળમાં શ્રી દેખાય, લક્ષ્મી દેખાય, કદાચ એમાં આખી દુનિયા પણ દેખાય એમાં તમને શું શું નથી દેખાતું ? Shopping ખરીદી કરવા જાઓ તો ગાડી ભરાય એટલો માલ આ કાગળિયામાં દેખાય. એક હજાર રૂપિયાના કાગળિયાંમાંથી તો કેટલું ય આવે ?

કાગળિયાંમાં શ્રી બેઠી છે તો પથ્થરમાં-મૂર્તિમાં ભગવાન કેમ નથી બેઠા ? એ તો જોનારની દૃષ્ટિ ઉપર આધાર છે !

અંધને હજાર રૂપિયાની નોટ આપો, એને તો કાગળિયું લાગે છે. કારણ કે એની પાસે ચક્ષુ નથી પણ જેની પાસે ચક્ષુ છે એને તો દેખાય છે. પથ્થરની મૂર્તિમાં ભગવાનને જોવાના છે. જડમાં ચેતનનો સ્પર્શ જોવાનો છે.

સુંદર પ્રતિમાઓ તૈયાર થઇ, પછી વસ્તુપાળે સુંદર offer કરી. હવે સુંદર ઘાટ ઘડતાં જેટલો ભૂકકો પડતો જશે એટલું તમને સોનું આપવામાં આવશે. પછી તો શિલ્પીઓએ કંડારી કંડારીને એ પ્રતિમાઓ એવી બનાવી કે આજે પણ જોનાર તાજુબ થઇ જાય છે.

પાલિતાણા જાઓ, આબુ જાઓ કે રાણકપુર જાઓ, સૌન્દર્યનાં ધામ સમી કલાકૃતિઓ અને પ્રતિમાઓ બેઠી છે. જેણે આવું સુંદર કામ કર્યું એને સમય નહિ પણ એ જ સમયને ખાઈ ગયા. સમય સહુને ખાય છે પણ કળા અને સર્જન એ સમયને પણ ખાઇ જાય છે.

માણસો મરી જાય છે પણ માણસનાં કામ અમર રહી જાય છે. વસ્તુપાળ અને તેજ-પાળે કાયાકલ્પ કરીને શરીરને સરસ બનાવ્યું હોત તો એ કદાચ પચીસ વર્ષ વધારે જીવ્યા હોત, જો કે જીવતા નથી. માણસ આયુષ્ય હોય એટલું જ જીવે છે. પણ એમનું સર્જન આજે પણ જીવંત ઊભું છે. માણસ ચાલ્યો જાય છે પણ માણસની કૃતિ, કામ, એની ભાવના રહી જાય છે. એણે જે સર્જન કર્યું એ એટલા સમય માટે જ નહિ પણ ભાવિ માટે કર્યું હતું. એની નજરમાં ભવિષ્ય હતું.

ભાવિક આત્માઓની ભકિત અને ભાવનામાં વૃદ્ધિ કેમ થાય, એમની ભકિત ઉલ્લાસમય કેમ બને, એ સહુ વધારેમાં વધારે લાભ કેવી રીતે લે એનો જ વિચાર ટ્રસ્ટીઓના મનમાં રમતો હોવો જોઇએ. અને મંદિર જનાર માણસો પણ એટલું ધ્યાન રાખે કે અમે ભકિત કરવા જઈએ છીએ.

હમણાં એક દિવસ હું દર્શન કરવા ગયો તો ચારે ઠેકાણે વાટકીઓ પડેલી. ગોખલામાં વાટકી, પૂજા કરવાના પાટલા ઉપર વાટકી, ભંડાર પાસે પણ વાટકી–આ શું ? પછી ખબર પડી કે પૂજા કરનારા સજ્જનો પૂજારીને કામ ન આપે તો બિચારો પૂજારી બેઠો બેઠો આળસુ થઇ જાય ને ! એટલે વેરવિખેર કરીને કાંઇક કામ આપીને જાય છે.

કેટલાક પૂજા કરનારાઓ પણ નવાઈ ભર્યા લાગે. ભાગાભાગ કરતા ભગવાન પાસે આવે, પૂજારીએ ધરી રાખેલું તૈયાર કેસર લે, આમ થોડી ટીલી કરી લે, વાટકી જ્યાં ત્યાં ફેંકી ભગવાનને કહેઃ લો. ત્યારે, આવજો કાલે પાછો આવીશ.

આમ ન હોય. જરાક પૂજાની મહત્તા તો સમજો. હું તો એમ ઈચ્છું કે દરેક માણસ પોતાનું ચંદન લાવે, ચંદન ઘસે અને ભકિત કરે. જ્યાંથી વાટકી લાવ્યો હોય ત્યાં ધોઈને મૂકે. પૂજારીને તો ઓછામાં ઓછું કામ હોવું જોઈએ.

તમે તમારે ઘેર ભલે નોકરો રાખતા હો પણ અહીં મંદિરમાં સેવા કરવા આવ્યા છો, ભકિત કરવા આવ્યા છો, શેઠાઈ કરવા નહિ. આ વાત સમજાય તો મંદિરમાં પ્રવેશ કરો, પછી બહાર નીકળો ત્યાં સુધી તમારું મન ભગવાનને સોંપી દો.

મંદિરમાં પેસતાં નિસીહી શબ્દ શા માટે કહો છો ? જેમ બહાર જોડા ઉતાર્યા તેમ અહીં વિચારો ઉતાર્યા, દુનિયાના વિચારો ઉતાર્યા.

ભગવાનને કહોઃ હે ભગવાન ! હવે તો હું તારી પાસે આવ્યો છું, તારા વિચારો કરતો કરતો આવ્યો છું, તારામાં ઓતપ્રોત થઈ જવા આવ્યો છું. એટલી વાર, એક કલાક તો તમે તમારું મન ભગવાનને સોંપી દો ! જ્યાં ભગવાનને મન સોંપ્યું પછી ભગવાન તમારામાં આવ્યા વિના રહે ખરો ? પણ તમે તો બધું ભરીને જ આવો છો. ભરીને લાવો તો અંદર કોણ સમાય ? ક્યાંથી સમાય ?

એટલી વાર તો ખાલી કરતાં શીખો ! થોડીક વાર પ્રયત્ન (try) તો કરો. કહોઃ પાંચ મિનિટ, બસ કોઈ વિચાર નહિ આવવા દઉં. માત્ર પાંચ મિનિટ તો હું મારા મનને ખાલી રહેવા દઉં. કોઈના વિચાર નહિ આવવા દઉં. ગમે એટલા વિચારો આવતા હોય તો પણ પ્રયત્ન કરવો પડશે. જરાક મગજને જોર પણ આપવું પડશે.

એ વખતે વિચાર દોડી આવવાના અંદર, કારણ કે એ બધા બહાર બેઠેલા જ છે, ચારે બાજુ બેઠા છે. એકને કાઢો એટલે બીજી બાજુથી બીજો આવી જાય. તમારે પ્રયત્ન કરવો પડશે. એમની એમ ભકિત નથી થતી. કહો કે મારે પાંચ મિનિટ જોવું છે, અંદર શું દોડાદોડ ચાલે છે તે મારે નીરખવી છે એમ કહીને શરૂઆત કરે તો પહેલે દિવસે પાંચ મિનિટમાં ત્રણ મિનિટ તમારી સફળ થવાની. તમે કહો કે ચાલો, ગઈકાલે ત્રણ મિનિટ તો હું ફાવ્યો, આજે ચાર મિનિટ સુધી પ્રયત્ન જારી રાખવાનો. આ એક મનોયત્ન છે. જેમ શારીરિક કસરતથી સ્નાયુ બંધાય છે એમ મનોયત્નથી મનની સ્થિરતા વધે છે. આ પ્રયત્ન કરતાં કરતાં આ સુંદર ચિન્તન આવીને વસતું થાય છે. આ વિચારો એવું સ્થાન લે પછી બીજા વિચારો આવે જ નહિ.

એક હરિજન બાઈ રાજમહેલમાં રોજ કચરો કાઢવા જાય. રોજ મહેલનું પ્રાંગણ સાફ કર્યા પછી પાછળના બારણેથી ચાલી જાય. એક દિવસ એને તાવ આવ્યો એટલે એણે એના વીસ વર્ષના યુવાન દીકરાને બોલાવીને કહ્યું: હું માંદી છું અને રાજમહેલમાં કોઈના ગયા વિના ચાલે એમ નથી. રાજાનું કામ છે. જો આપણે નહિ કરીએ તો આપણો રોટલો છૂટી જશે. દીકરો બોલી ઊઠયોઃ મા, હું જઈ આવું, એમાં શું વાંધો છે ? હાથમાં સાવરણો લીધો, મહેલનાં પ્રાંગણમાં ગયો. કચરો કાઢતાં કાઢતાં ઝરૂખામાં ઊભેલી રાજપુત્રીને એણે જોઈ. ઝાડુ કાઢયું પણ એના મનમાં રાજપુત્રી વસી ગઈ. હરિજન, કચરો કાઢનારાના, ગામબહાર રહેનારના મનમાં રાજકુમારી વસી ગઈ !

વસવું એ જૂદી વાત છે અને જીવનમાં ઉતારવું એ જૂદી વાત છે. ઘણાંને ઘણી વાતો વસી જાય પણ એ ક્ષણ પૂરતી જ. વિચાર આવે પણ ક્ષણિક momentary હોય.

આ હરિજન યુવાન ઘેર આવ્યો; ખૂણામાં ઝાડુ મૂકી દીધું પણ ખાધું નહિ. માએ કહ્યું: 'બેટા, જમી લે' 'ના, મારે ખાવું નથી.'

બીજો દિવસ થયો, દીકરો પાછો ઝાડુ કાઢવા ગયો. પાછો આવ્યો, ખાધા વિના સૂઈ ગયો. આમ સાત દિવસ એમના એમ વીતી ગયા. મહેલમાં ઝાડુ વાળે, બધું ય કરે, છેલ્લે ઝરૂખા નીચે ઊભો રહે, ઝરૂખામાં રાજકુમારી આવે ત્યારે એને જુએ અને ચાલ્યો જાય.

યુવાન દુબળો થવા લગ્યો. એની માએ પૂછયું "ભાઈ, તને શું થયું છે?" કહે: "કાંઇ નથી, એ તો મારા વિચારો છે, ગાંડા જેવા છે." માએ ખૂબ આગ્રહ કર્યો ત્યારે એણે બધી વાત માંડીને કહી. માને એકદમ આઘાત લાગ્યો. 'તું આ શું વિચાર કરે છે?' દીકરાએ કહ્યું: 'મા, હું તને નહોતો કહેતો, મારા વિચાર પાગલ જેવા છે. તેં આગ્રહ કર્યો એટલે આટલું પણ કહ્યું. હવે તું ભૂલી જા.'

માણસને જે ભૂતાવળ વળગે છે તે બીજું કંઈ જ નથી વિચારોની ધૂન છે. ભૂતાવળ એ વિચાર સિવાય બીજું કંઈ જ નથી. એ કામ કરે, જાય, આવે, પણ ન ખાય, ન આરામથી સૂએ. આખો દિવસ એક જ વિચાર, એક જ ધૂન.

હવે માને ચિંતા થવા લાગી. એકનો એક દીકરો, દૂબળો થતો ગયો. મા મહેલમાં જાય. ઝાડુ કાઢે, પછી ઝાડ નીચે માથે હાથ ટેકવીને બેસે, વિચારે કે આનું શું પરિણામ આવશે? મહિનો નીકળી ગયો. દીકરાની બિમારી વધતી જ ગઈ. એક દિવસ રાજકુમારીને દયા આવી-'બાપડી દુઃખી લાગે છે, લાવ જઈને પૂછું' રાજકુમારી નીચે આવી, હળવેથી પૂછયું: "તારે શું જોઇએ છે? ખાવાનું જોઇએ છે? પૈસા જોઈએ છે? શું જોઇએ છે?" બાઈ લુખ્ખું હસતાં હસતાં બોલી: "બા, કાંઈ નથી, તમારી મહેરબાની છે." રાજકુમારીએ ખૂબ આગ્રહ કર્યો ત્યાં વૃદ્ધાની આંખમાં આંસુ આવ્યાં. આંસુ જોઇને કોનું હૃદય દ્રવિત થતું નથી? રાજકુમારીએ હિંમત આપતાં કહ્યું: "તું ગભરાઈશ નહિ, હું તને વચન આપું છું. તને જરૂર મદદ કરીશ બોલ, શાની ચિંતા છે?" વૃદ્ધા ચોંકી ઊઠી: "હેં! બા! તમે વચન આપો છો?" રાજકુમારી મક્કમ હતી. "હા" વૃદ્ધાએ બધી વાત કહી. "જયારથી આપને જોયા ત્યારથી એ એવા વિચારોમાં ચઢી ગયો છે કે આજે મહિનો થયો, ખાતો નથી ગાંડાની જેમ ફર્યા કરે છે. મને તો કાંઈ સૂઝ પડતી નથી. મારો એકનો એક દીકરો છે. બા! હું શું કરું?"

રાજકુમારી વિદુષી હતી. જીવનના ઊંડાણને સ્પર્શી હતી, એ છીછરી ન હતી. જાણતી હતી કે માણસની ધૂન whim જૂદા જૂદા પ્રકારની હોય છે. એટલે કહ્યું: "તારા છોકરાને મારી પાસે મોકલજે."

માએ ઘેર જઇને દીકરાને કહ્યું: "અલ્યા, તને રાજકુમારી બોલાવે છે." "હેં! રાજકુમારી? મને?" દીકરો તો ડઘાઇ ગયો. "હા, તને બોલાવે છે" બાપડાએ ફાટેલાં કપડાં સાંધ્યાં, ધોયાં, ચોખ્ખાં કર્યાં અને પહેરીને રાજકુમારી પાસે ગયો. રાજકુમારીએ કહ્યું: "બેસ, ગાદી ઉપર બેસ." બિચારાને ગાદી ઉપર બેસવાની ટેવ કયાંથી? એ તો ઊભો જ રહ્યો. રાજકુમારીએ મૃદુ સ્વરે પૂછયું: "તારે, શું જોઇએ છે? બોલ?" બાપડો શું બોલે? કહેવું હતું

ઘણું પણ જીભ સિવાઇ ગઇ, મોઢું બંધ થઇ ગયું, પ્રભાવમાં અંજાઇ ગયો. રાજકુમારીએ પૂછયું: "તારે પરણવું છે? મને પરણવું છે? બોલ?" હા કહેવા પણ હિંમત કયાંથી લાવવી? વિચાર તો હતો જ એટલે માથું ધૂણાવ્યું: રાજકુમારીએ તરત કહ્યું: "જા, હું તને વચન આપું છું કે હું તને પરણીશ" પેલાને તો ચક્કર આવવા લાગ્યા.

આ દુનિયામાં કાંચન અને કામિનીનો પણ કેફ છે, ભ્રમ છે, giddiness છે. એ આવે તો પણ થાય અને જાય તો પણ થાય. કેટલાકને વધારે આવે એની giddiness છે, તો કેટલાકને વધારે ચાલ્યું જાય એની giddiness છે. બેની વચ્ચે હોય ત્યાં સુધી મનુષ્ય સુખી રહે છે.

આ યુવાનને એકદમ ચક્કર આવ્યા. હિંમત આપતાં રાજકુમારીએ કહ્યું: "ગભરાઇશ નહિ. હું કહીશ તે તું કરીશ?" યુવાન બોલી ઊઠયો "હા, હું બધું જ કરવા તૈયાર છું." "જો, મારું નામ રાધા છે. છ મહિના સુધી ગામ બહાર આવેલ ખંડેરમાં બેસ, સામે મારી મૂર્તિ રાખ અને રાધા, રાધા, રાધા એમ છ મહિના સુધી તું મારો જાપ કર. બરાબર છ મહિના પછી હું જોઇશ કે તેં બીજો વિચાર કર્યો નથી, તારા મનમાં બીજું કોઇ વસ્યું નથી. એક સ્થાન ઉપર બેસીને મારો જ જાપ તેં કર્યો છે, અને મને ખાતરી થશે કે તુ મારો ખરો ઉપાસક છે તો જ હું તને પરણીશ. તારે બહાર જવાનું નથી. તને મળવા કોઈ આવવાનું પણ નથી. નિશ્ચિત સમયે ખાવાનું મળશે. બોલ કબૂલ છે? છ મહિના માટે કબૂલ છે?" યુવાન તો ઉત્સાહભેર કૂદી પડયો: "અરે આપ કહો તો છ મહિના શું, હું છ વર્ષ ખંડેરમાં બેસવા તૈયાર છું."

તમને આ સાંભળીને હસવું આવશે. તમે તો આખી જિંદગી એમની એમ જ કાઢી નાખી.

યુવાન તો તૈયાર થઇ ગયો અને નીકળી પડ્યો. રાજકુમારીએ ત્રણ શરતો મૂકી હતી. મારી પ્રતિકૃતિ સામે જોવું, મારું જ નામ જપવું, એ જ ધૂનમાં રહેવું અને બીજા કોઈનો વિચાર પણ ન કરવો.

ગામ બહાર નાનકડું ખંડેર હતું ત્યાં બેસી ગયો. સામે રાધાની આકૃતિ રાખી અને પલાંઠી વાળીને બેસી ગયો. શાંતિના વાતાવરણમાં પ્રેમથી શરૂઆત કરી. રાધા, રાધા જાપ શરૂ કર્યા. સવાર સાંજ નિશ્ચિત સમયે ખાવાનું આવે જમી લે, હાથ પગ ધોઇને પાછો બેસી જાય. શરીરની શૌચ ક્રિયા, થોડી ઊંઘ અને ભોજન આ સિવાય કાંઈ નહિ.

શરૂઆતમાં મન થોડું થોડું ભમવા લાગ્યું. શ્રદ્ધા હતી કે છ મહિના પછી તો રાધા મને મળવી જ જોઇએ. વચ્ચે થોડા બીજા વિચાર આવ્યા ત્યાં પાછું એને યાદ આવ્યું કે એણે કહ્યું હતું કે તારે બીજા વિચારો નહિ કરવા. જો વિચારો કરીશ તો હું તને નહિ પરણું. માટે જો હું બીજા વિચારો કરીશ અને જો રાધા જાણી લેશે તો હું રખડી પડીશ માટે મારે બીજા વિચારો નહિ કરવા. નહિ જ કરવા. એટલે વિચારો ધકેલીને બહાર કાઢે.

પાણીમાં તરવા પડેલો માણસ બન્ને બાવડાંઓથી પાણીને બન્ને બાજુ ખસેડતો જાય અને વચ્ચે થઇને આગળ વધતો જાય. એમ માણસ જ્યારે ધ્યાનમાં બેસે ત્યારે વિચારો પાણીની જેમ સામેથી ધસી આવે. એ ધકેલતો જાય અને વચ્ચેથી માર્ગ કરતો જાય. કદાચ આ પ્રક્રિયા બહુ લાંબો સમય નહિ ટકે. કાંઈ નહિ. પહેલાં પાંચ મિનિટ, પછી સાત, પછી દસ એમ કરતાં કરતાં તમારા વિચારો તમને એક ચોક્કસ દિશામાં લઈ જશે. પછી તો એવી

શકિતની અનુભૂતિ થશે કે જેમ પેલા તરવૈયાઓ હાથપગ હલાવ્યા વિના પાણીમાં ચત્તાપાટ પડ્યા રહે છતાં પણ તરતા જ હોય તેમ તમે શ્રમ કે પુરુષાર્થ વગર પણ તમારામાં એકરૂપ બનીને, પરમતત્ત્વના સાન્નિધ્યમાં પરમ શાંતિનો અનુભવ કરી શકશો. પ્રક્રિયા લાંબી છે પણ શરૂઆત તો આજથી જ કરવાની છે. ધ્યાનમાં બેસો, શરૂઆતમાં વિચારો એકદમ ધસી આવશે પણ ધીમે ધીમે એને દૂર કરવા પડશે.

આ યુવાન પણ રાધા સિવાયના બીજા વિચારોને દૂર કરતો ગયો. પછી તો એને ધ્યાનની મજા લાગવા લાગી.

વસ્તુની મીઠાશ કયારે આવે ? કયારે લાગે ? એની સાથે એકતા સાધો ત્યારે.

ભકિતનો ધ્યાનનો, આરાધનાનો એક રસ છે. આ રસમાં ડૂબ્યા પછી બીજું કંઇ જ ન ગમે.

આ હરિજન યુવાન પણ રાધાનો જાપ કરતાં કરતાં એવો સંલગ્ન બની ગયો કે પછી તો ધીરે ધીરે રાધા બોલે, એકવાર બોલે વચ્ચે દસ મિનિટ નીકળી જાય. એ લીન intune બનતો ગયો. પછી રાધાની આકૃતિ નીકળતી ગઈ રાજધાની પણ નીકળતી ગઇ, અને કોઈ દિવ્ય તત્ત્વ તરફ એ જવા લાગ્યો. એણે વિચાર્યું કે રાધા એટલે તો હિંસા. સંસ્કૃતમાં રાધ એટલે હિંસા થાય. અને હિંસા તો આત્માને ખલાસ કરી નાખશે.

તો પછી તું આમાં શું કરવા પડયો છે? એનું ચિત્ત એકાગ્ર બનતું જ ગયું. આડાઅવળા વિચારોના નિર્જન વનમાંથી કોઇક પરમ સમાધિના ઉપવનમાં જવા લાગ્યો. હવે એને લાગ્યું કે રૂપ પણ નહિ, રાજકુમારી પણ નહિ, આ બધું મારે નિરર્થક છે. મારે તો સાર્થક પરમતત્ત્વ જોઈએ.

એને પરમ શાંતિની અનુભૂતિ થવા લાગી, એટલું સુખ લાગવા લાગ્યું કે ખાધા વિના ચાર ચાર દિવસ નીકળી જાય, ખાવાનું પણ ભૂલી જાય. મા આવી ખાવાનું ધરે તો કહે ખાઈશ, પણ પાછું ભૂલી જાય. ફરી યાદ કરાવે તો કહે: ના, હમણાં ભૂખ નથી. એને ભૂખ વિસરાઇ અને પરમ સમાધિનો રસ લાગી ગયો.

તમે તો એક દિવસ તપ કરો તો બેઠા બેઠા ગણ્યા કરો: અત્યારે નવકારશી થઇ, અત્યારે પોરશી, અત્યારે આઠ પોરશી. તપ લાંબુ ચાલે તો કહો: હવે બે થયા. હવે ત્રણ .... આમ ગણ્યા કર્યું હોત તો ભગવાન મહાવીર સાડાબાર વર્ષ સુધી તપ કરી શકત ખરા ? જે ખાવાનું જ ભૂલી ગયા એને હવે ગણવાનું કયાંથી ? શું ? એને જે મળ્યું હશે એ કેવું અદભુત હશે કે જે મુખ્ય હતું તે ગૌણ બન્યું અને ગૌણ હતું તે મુખ્ય બન્યું.

લગ્નની season આવે, તમે સાડી કે સૂટીંગ suitingના વેપારી હો અને તમારે ત્યાં ઘરાકોનો દરોડો પડતો હોય એ વખતે શાણો દીકરો આવીને કહે: "બાપુજી ચાલો જમવા." તો તમે શું કહો ? "હવે તું જા અહીંથી" પણ દીકરો જીદ પકડે "પણ બાપુજી ચાલો. મને ભૂખ લાગી છે, ખાવાનું ઠંડું થઇ જાય છે, બે મિનિટમાં ખાઇ લઇશું" તે વખતે તમે ગરમ થયા વિના રહો ખરા ? "સમજતો નથી. આવી સરસ ઘરાકી ચાલે છે અને તને ખાવાનું યાદ આવે છે? જા, ચાલ્યો જા અહીંથી." રોજ ખાવાનું ભાવતું હતું તો આજે શું થયું ? ભૂખ કેમ મરી ગઇ ? તમે ધંધામાં કેવા એકતાલ engrossed થયા, કેવા મગ્ન બની ગયા કે ખાવાનું બાજુ પર રહી ગયું. પૈસો, વ્યાપાર, ઘરાકોની ગરદી–આ બધાં આગળ ખાવાનું કયાંથી ભાવે ? તુચ્છ જ લાગે ને ?

આવી જ રીતે આધ્યાત્મિક ભૂમિકા ઉપર

જે પહોંચે છે એ છોડતો નથી પણ છૂટી જાય છે. સાડાબાર વર્ષ સુધી એક સરખી ધૂનમાં રહેતા ભગવાન મહાવીરને છૂટી ગયું એ કોણે છોડાવ્યું? લગનીએ.

આ લગનમાં અને લગનમાં આ હરિજન યુવાન ખોવાઈ ગયો. ન સ્થાનનો ભેદ રહ્યો, ન કાળનો. બે મહિના, ત્રણ મહિના, ચાર મહિના પછી તો એનું ઉડ્ડયન વધતું જ ગયું. છ મહિના થયા.

છ મહિના પછી રાજકુમારી રાધા જ આવીને ઊભી રહી. એણે આવીને એને ઢંઢોળ્યો, જગાડયો ત્યારે એ તો જાણે પરમ પ્રકાશમાંથી બહાર આવતો હોય તેમ એણે આંખ ખોલી. રાધા બોલી: "ચાલો." "કયાં ?" જાગૃત આત્મા બોલ્યો. "કેમ ? છ મહિના પૂરા થયા, હું મારું વચન પાળવા આવી છું."

ગંભીર અવાજ સંભળાયો: "હવે હું તને લઈને શું કરું ? જ્યાં હું રૂપમાંથી અરૂપમાં ચાલ્યો ગયો ત્યાં હવે રૂપને પકડીને શું કરું ? રૂપ અરૂપમાં વિલીન થઈ ગયું. જેને માટે રોવું પડે. મરી જાય ત્યારે વિયોગનાં આંસુ સારવાં પડે, એને બદલે પ્રભુ સાથેના યોગનો આનંદ ન અનુભવું ? આ સ્થૂલ દેહના નાશ પછી પણ એ સૂક્ષ્મ તત્ત્વ તો જીવતું જ રહેવાનું છે. હવે હું તને નહિ પણ તારામાં સૂક્ષ્મ આત્મા છે તેને જોઉં છું રાધા ! તું પણ મને નહિ, મારામાં ધબકતા ચૈતન્યને જો. રૂપમાંથી અરૂપમાં ગયેલાને રૂપનું શું કામ ?"

એટલે વધારે વાત ન કરી. આટલું બોલ્યો અને ઊઠીને ચાલતો થયો. રાજકુમારીએ બૂમ મારી "મને સાંભળો તો ખરા ?" પણ હવે અરૂપી રૂપીને સાંભળે ખરો ? એ તો ચાલી નીકળ્યો.

આ ધ્યાન, આ નામસ્મરણ, આ જપાજપ અને રૂપમાંથી અરૂપમાં જવાની ભૂમિકા કયારે આવે ? તેજોલેશ્યાની વિવૃદ્ધિ થતી જાય, સાધુની સાધુતાનો પર્યાય વધતો જાય, ત્યારે.

સાધુના દીક્ષાનો પર્યાય વધતો જાય એમ પરમતત્ત્વ તરફ જવાની લગન પણ વધતી જવી જોઇએ. સતત ધ્યાન ધરનારા અને એકાગ્ર ચિત્ત સાધુને આ વાત લાગુ પડે છે. બધાયને આ વાત લાગુ નથી પડતી. બધાય તો એમનું એમ જેમ જગત ચાલ્યા કરે છે એમ ચાલ્યા જ કરે છે. જ્યારે તેજોલેશ્યાની વિવૃદ્ધિ થાય, સાધુતાની પરમ સુવાસ પ્રસરતી જાય ત્યારે દુનિયાની વસ્તુઓ ગૌણ બને અને પરમ સુખની અનુભૂતિ કેન્દ્રિત બને.

---

## સમાચાર સાર

પ. પૂ. બલભદ્ર મહારાજશ્રી જેમણે તપનો માર્ગ જીવનમાં અપનાવી સાધનાનો પંથ પકડ્યો છે તેમણે ચાલીસમી વર્ધમાન તપની ઓળી શરૂ કરી અને ચૈત્ર વદ એકમના દિવસે શાન્તિથી પારણું કર્યું છે.

તંત્રી.

પ્રિય વાચક,

- આવતો જુનનો અંક જુલાઇમાં બહાર પડશે તેની નોંધ લેશો.
- લવાજમ મનિઓર્ડરથી મોકલવાની તસ્દી લેશો નહિ.

તંત્રી.

નયનને કહો કે જ્યાં જ્યાં તારી નજર પડે ત્યાંથી ઊંડું સત્ય શોધજે, કાનને કહો કે જે જે સાંભળે તેમાંથી ઊંડો બોધપાઠ લેજે. વાચાને કહો કે જે જે ઉચ્ચારે તેનાથી સત્યનું સૌન્દર્ય પ્રગટાવજે. કાયાને કહો કે જ્યાં જ્યાં તું હાજરી આપે ત્યાં ત્યાં સેવાની સૌરભ પ્રસરાવજે.

"સૌરભ"

Wherever your glance may fall, bid your eyes explore the pith of profoundest truth! Entreat your ears to imbibe a fruitful lesson from whatever words they may listen to! Beseech your speech to flourish the grace of truth through whatever utterance flows from your tongue. And implore your physique to suffuse the sweet aroma of humble service wherever it might happen to make its appearance!

*from* : **Lotus Bloom**

*by* : **Chitrabhanu**


*With Best Compliments from*

# ASIAN COMMERCIAL CO.

**Iron & Steel Merchants, General Suppliers & Commission Agents**

Address : Room No. 302 A, Steel Chambers, Broach Street,
Bombay-9.

Telephone : 38 84 02

# મંથન

નવીનતા અને પ્રગતિ એ જ કુદરતનો ક્રમ છે. મનુષ્યની ચામડી પણ વૃદ્ધ થઇ જઇ તેનાં અણુપરમાણુઓ છૂટાં પડી જઈ વિલય પામે છે, અને નીચેની ચામડીનું પડ એની જગ્યા સંભાળી લે છે. આ જ ક્રમ પ્રમાણે દરેક વ્યકિત, સમાજ કે દેશે આ મહાન સિદ્ધાંત લક્ષમાં રાખી ક્રમે ક્રમે નવીનતા ધારણ કરી પ્રગતિ કરવી જ જોઇએ. જ્યારે એ નવીનતા ગ્રહણ કરવાની શકિત ખોઇ બેસે છે ત્યારથી તેના પતનનાં પગરણ મંડાય છે.

* * *

દરેક સામાન્ય માનવી દેહથી સુંદર દેખાવા પ્રત્યનો કરે છે, અને જ્ઞાનીઓ આત્માના સૌંદર્યમાં માને છે. જેમ જેમ માનવી આદર્શ વિચારોથી ઐશ્વરી ગુણો ગ્રહણ કરતો જાય છે તેમ તેમ તેનું ઓજસ (આત્માનો પ્રકાશ) પ્રકાશમાન બનતું જાય છે. આપણે કદાચ આંખથી એ નીહાળી ન શકીએ પરંતુ તેવી વ્યકિતના સંપર્કમાં આવતાં આપણો અંતરાત્મા તરત જ તે ઓળખી જાય છે, અને તેને નમન જરૂર કરે છે.

* * *

માનવી જેમ જેમ દુષ્ટ કર્મ અને મેલા વિચારો કરતો જાય છે તેમ તેમ તેનું ઓજસ હણાતું જાય છે; પછી ભલે તે રત્નાલંકારથી વિભૂષિત હોય અગર તો મહાન સન્યાસીના વેષમાં હોય, છતાં પણ આપણો અંતરાત્મા તેને નમશે નહિ. દેહથી ભલે આપણે કારણે શિષ્ટાચાર અગર સ્વાર્થ ખાતર તેને નમીએ. એટલે જ શાસ્ત્રોમાં કહ્યું છે કે "તું પાપ કરીશ તે જોનાર ભલે કોઇ ના હોય, પરંતુ હું તો અંદર બેઠો છું" આનો અર્થ એ છે કે માનવી પાપથી સ્વયં પોતાનું તેજ હણી જગતને પોતે જ પોતાના હણાએલા તેજથી પુકારતો રહે છે જે પોતે પાપથી ભરેલો છે, કુવિચારોથી ભરેલો છે.

* * *

આ સંસાર ભવસાગરમાં અનેક જીવો તરી રહ્યા છે. તું પણ તરી રહ્યો છે. તું તારી આજુબાજુ જોતો રહે, કોઇ તરતાં થાકયું હોય, મુશ્કેલીમાં હોય, તેને તારાથી બને તેટલો ટેકો આપ કે જેથી તે ફરી સચેત બની તરવા માંડે. એના આશીર્વાદ એ મહામૂલ્યવાન વસ્તુ છે. આની તું કોઇ પાસે કાંઈ કિંમત ના માંગ, કે વાહવાહની પણ આશા ન કર. તારા અંતરાત્મામાં તું જોઇશ તો તને ત્યાં તારું ઓજસ ઓર દીપતું અનુભવીશ. આ જ છે તારાં સત્કર્મની કિંમત અને ઇનામ.

* * *

હું એક પૈસાદાર માણસના સંસર્ગમાં આવ્યો તેની વાતો બસ પોતાની મોટાઇ અને જાહોજલાલી, પોતાનાંજ મોજશોખ અને આવી જ એની દુનિયામાં તે રચ્યોપચ્યો હોય તેમ સમજાયું. ત્યાર બાદ એક વિદ્વાન પરંતુ મધ્યમ વર્ગના માણસની મને સોબત થઈ. તેના વિચારો ઘણા જ ઊંચા, ભાષા પણ મધુર, જે આપણને ખૂબ જ સાંભળવી ગમે, પોતાની પ્રશંસાને કદી કયાંય સ્થાન ન હતું, અને જ્ઞાનનો તો ભંડાર જ. તે જોઇ હું ખુશ ખુશ થઇ ગયો, મનમાં પ્રશ્ન ઊઠયો કે આ બન્નેમાં સાચો શ્રીમંત કોણ?

* * ×

બધા ધર્મોમાં, બધા દેશોમાં આજ સુધીમાં સ્ત્રી શકિતની ખૂબ જ અવગણના થઇ છે. અન્યાય થઇ ગયો છે. સ્ત્રી શકિત કેટલી મહાન છે. સારાએ સંસારનો ઈતિહાસ તપાસીએ તો જણાશે કે સ્ત્રીએ કેટલું કેટલું સહન કર્યું, છતાં પણ કેટલું કેટલું સંસારને આપ્યું. સ્ત્રીના ત્યાગની, આત્મભોગની કોઈ સીમા નથી રહી, છતાં ધર્માચાર્યોએ તેને નર્કની ખાણ કહી. શા માટે? ●

મુદ્રક, પ્રકાશક અને માનાર્હ સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, લિપિની પ્રિન્ટરી મુંબઈ નં.૨ માં છપાવી, ડીવાઈન નોલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે કવીન્સ વ્યુ. ૨૮/૩૦, વાલકેશ્વર મુંબઈ નં. ૬ માંથી પ્રગટ કર્યું છે.